Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-16, Issue-1, June-2022
www.researchguru.net

# કોરાના, લોકડાઉન અને સ્થળાંરિત આદિવાસી શ્રમિકો

**ડૉ.તેજલ અધ્વર્યુ**
એમ.એ.,એમ.એસ.ડબલ્યુ.,એમ.ફીલ સંશોધન મદદનીશ, ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી ગાંધીનગર

**ડૉ.રવીન્દ્ર આર.પંચોળી**
એમ.એસ.ડબલ્યુ.,એમ.ફીલ આસીસટન્ટ પ્રોફેસર, મ.દેગ્રામસેવા સંકુલ,ગૂ.વિ.રાંધેજા ગાંધીનગર

*ટૂંકસાર-*

*૨૦૨૦નું વર્ષ સમગ્ર વિશ્વ એક મોટી આપત્તિમાંથી પસાર થયું. વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોના રોગને વૈશ્વિક મહામારી જાહેર કરી. લૉકડાઉનને કારણે ભારતનું જન જીવન અસ્ત વ્યસ્ત થઇ ગયું. રોજ કમાઇને ખાનાર સ્થળાંતરિત સમુદાયની હાલત કફોડી બની. વસતિના પ્રમાણમાં ભારત દેશની સ્થળાંતરની સ્થિતિનું વિહંગાવલોકન કરીએ તો દેશની કુલ વસતિના ૨૯.૮૬% લોકો એટલે કે ૩૦,૭૧,૫૦,૧૫૭ લોકો આજીવિકા માટે સ્થળાંતર કરે છે. આ લોકો ની હાલત ઘણી કફોડી થઇ. ગુજરાતની  સમગ્ર વસતિના સંદર્ભમાં  આદિવાસી સમુદાયની વસતિની વાત કરીએ તો તેનું પ્રમાણ ૧૪.૭૫% જેટલું છે. ગુજરાતમાં આદિવાસી સમુદાયની છવ્વીસ પ્રજાતિઓ મળી કુલ ૮૯,૧૭,૧૭૪ વસતિ જોવા મળે છે. ગુજરાત વિવિધ જિલ્લાઓમાંથી શ્રમિક તરીકે ૧,૮૮,૧૦,૫૯૨ લોકો સ્થળાંતર કરે છે તેમાંથી ૧૮,૬૪,૭૩૮ આદિવાસી વસતિ સ્થળાંતર કરે છે,એટલે કે ૪૪.૩૨ આદિવાસી શ્રમિકો મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. આ સમૂહ ની વંચિતતા માં કોરોના પછી થી ઘણો મોટો વધારો થયો છે, જે રહીતો અને સહિતો વચ્ચેની ખાઈ વધારે છે, આ સમજ ને વધારે પાક્કી કરવા અને આદિવાસી સમાજ પર કોરોના એ કરેલ વિધાતક અસર સમજાવી જરૂરી છે . પ્રસ્તુત સંશોધન લેખમાં કોરાનાને લઇને સ્થળાંતરિત આદિવાસી શ્રમિકોએ આ સમયગાળામાં અનુભવેલ સારીનરસી બાબતો તેમજ સરકારશ્રીની કામગીરીને વિસ્તૃત વૃતાંત સ્વરૂપે આલેખવાનો પ્રયાસ કરેલ છે.*

*પ્રમુખ પદ - આદિવાસી , લોક ડાઉન, સ્થળાંતર*

**પ્રસ્તાવનાઃ**

પ્રવર્તમાન સમય એટલે કે ૨૦૨૦નું વર્ષ સમગ્ર વિશ્વ એક મોટી આપત્તિમાંથી પસાર થયું . સમગ્ર વિશ્ર્વના લોકોને ૨૦૨૦ના આપત્તિજનક વર્ષે કેલેન્ડરમાંથી તેને કાઢી નાંખવાની ફરજ પાડતું  હોય એવા ભયના ઓથારવાળુ અને વ્યકિતગત અને સામુદાયિક રીતે સારાનરસા અનુભવ સાથે પસાર કરાવ્યું. આ આપત્તિએ સમગ્ર માનવજાતના વ્યકિતગત કે સામુદાયિક જીવન વિકાસની તરાહને બદલી નાંખી અને સાથોસાથ રાષ્ટ્રના વિકાસના દરને અસર પહોંચાડી છે. આ આપત્તિએ નૉવેલ કૉરાના વાયરસ. ભારતમાં આ બિમારી વિદેશથી આવી અને તે  ભારતના ટૂંકાગાળાના અને લાંબાગાળાના વિકાસ ઉપર પ્રત્યાધાત સ્વરૂપે પડી. આ બિમારીના વાયરસ વર્ષ ૨૦૧૯ના ડિસેમ્બરમાં ચીનના વુહાન રાજયમાંથી દેખા દીધી. ત્યાર બાદ ધીમે ધીમે તે વિશ્વના નેધરલેન્ડ, ઑસ્ટ્રેલિયા, પાકિસ્તાન, અમેરિકા જેવા અનેક દેશોમાં ફેલાતાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ રોગને વૈશ્વિક મહામારી જાહેર કરી. ભારતમાં આ વાયરસ ફેલાવવાનાં કારણોમાં અભ્યાસાર્થે કે અર્થોપાર્જન માટે સ્થળાંતર કરેલ વ્યક્તિઓ કે આંતરરાષ્ટ્રીય સ્તરના ધાર્મિક સંસ્થાઓના સંમેલનમાં પરદેશથી આવેલ વ્યકિતઓ જવાબદાર બની એવાં દૈનિક સમાચારપત્રોની નોંધને આધારે કહી શકાય. ભારતમાં નૉવેલ કૉરોના વાયરસનો કૉવિડ રોગનો પ્રથમ કેસ ૩૦ જાન્યુઆરી,૨૦૨૦ના રોજ કેરળ રાજ્યમાં ચીનના વુહાનથી માદરે વતન પરત આવેલ વિદ્યાર્થીને કારણે આવ્યો ધીમે ધીમે અન્ય રાજયોની સાથે ગુજરાતમાં આ

વાયરસનો પ્રથમ કેસ ૧૯ મી માર્ચ, ૨૦૨૦ના રોજ સુરત અને રાજકોટમાંથી નોંધાયો.

માર્ચ,૨૦૨૦ થી ભારતમાં આ મહામારીની પ્રથમ લહેરનો ફેલાવો થયો ત્યારે આ રોગ માટેની કોઇ ચોક્કસ દવા ઉપલબ્ધ ન હોવાના કારણે આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી બધાં રાજયમાં લૉકડાઉન જાહેર કર્યુ. આ લૉકડાઉનને કારણે ભારતના જનસમુદાયને આ મહામારીથી બચાવવાનો પ્રયાસ થયો જે સરાહનીય બાબત છે. તારીખ ૨૩,માર્ચ ૨૦૨૦ના રોજ જનતા કરફ્યુ અને તારીખ ૨૪ મી માર્ચથી લૉકડાઉન આપવામાં આવતાં જરૂરી જાહેર જનસેવા સિવાય તમામ સેવા સુવિધાઓ,કાર્યક્રમો, ઉદ્યોગ-ધંધા બંધ કરી દેવામાં આવ્યા. જાહેરજીવન થંભી ગયું. લૉકડાઉન જાહેર થતાં સારી બાબત એ થઇ કે પ્રદુષણ ફેલાવતાં કારખાનાઓ દ્વારા હવા અને પાણીમાં છોડવામાં આવતાં ઝેરીવાયુ દ્વારા ફેલાતાં પ્રદુષણનું પ્રમાણ ઘટયું અને હવામાનમાં ઑકસિજનનું પ્રમાણ વધવા પામ્યું. શહેરોના રસ્તાઓ ઉપર કુતરાઓ,પોલીસકર્મીઓ, સરકારી અને ખાનગી ઇસ્પિતાલના બિમારને લઇ જનાર વાહનો સિવાય કશું જ દ્રશ્યમાન થતું ન્હોતું. મનોરંજનના એકમો બંધ થયા. લૉકડાઉનને કારણે ભારત ગુજરાતની વસતિ વધારો અટકી ગયો હોય એવું આભાસી અને અવાસ્તિક ચિત્ર પ્રતિપાદિત થયું પરંતુ રોજ કમાઇને ખાનાર સ્થળાંતરિત સમુદાયની હાલત કફોડી બની.સમગ્ર ભારતના વિવિધ રાજયોમાં વસવાટ કરતો આર્થિક રીતે નબળો વર્ગ પોતાના વતનમાં રહીને આજીવિકા ન પ્રાપ્ત કરી શકે તે પોતાનું પેટિયું રળવા સ્થળાંતર કરે છે.આ સંજોગોમાં પ્રકૃતિને ખોળે ખેલનારો અને ગાંધીનું અસ્તેય વ્રત જાણ્યે અજાણ્યે પાડનારો તેવો આદિવાસીઓનો શ્રમિક વર્ગ ખૂબ વિમાસણમાં મુકાયો. બીજા લૉકડાઉનથી વતન છોડી કમાવવા આવેલ શ્રમિક વર્ગ બિચારો બન્યો. મજુરી નહી પાસે નાણાં અનાજ હતું એ ખૂટયું એટલે વતનની વાટ પકડી પણ ઘર સુધી પહોંચવું કઇ રીતે જવું તેની મોટી મુંઝવણ ગુજરાતના એક પ્રાંતમાં બીજા પ્રાંતમાંથી સ્થળાંતર કરનાર વર્ગ કરતાં પરપ્રાંતીય શ્રમિકો માટે ખૂબ પીડાદાયક બન્યું.પોતાના વતનની વાટ તો પકડી પરંતુ પગપાળા કે બમણું ભાડું કે ખાનગી વાહનોમાં ચોરીછુપી રીતે ઢોરની જેમ પુરાઇને ગયા.આ રીતે પહોંચવામાં કેટલાંક શ્રમિકોને પુરતું ખાવાનું ન મળ્યું હોય કે ખાધાપીધા વગર રસ્તામાં ખુલ્લા પગે ચાલ્યાં તેમાં કેટલાંક મોતને ભેટ્યા તો કેટલાંક ચાલીને માંડ માંડ ઘરે પહોંચ્યા. શ્રમિક સ્ત્રી-પુરૂષ કે નાના બાળકો સાથે રઝળતાં રઝળતાં પહોચ્યાં રસ્તાંમાં તો મુશ્કેલી વેઠી પરંતુ ઘરે જઇને પણ ઘરવાળાઓ તરફથી રોગ પ્રત્યેની ખોટી માન્યતાના શિકાર બન્યા અને પોતાના ગામમાં ભુલાં પડયાં હોય તેવાં બનાવો સંચારમાધ્યમો મારફત પ્રકાશમાં આવ્યાં. આમ કૉવિડ-19 મહામારીને કારણે મળેલ ૭૨ દિવસના લૉકડાઉનથી આદિવાસી શ્રમિક વર્ગ આર્થિક, સામાજિક, સ્વાસ્થયની રીતે ભાંગી પડયો.શ્રમિક વર્ગને આ પરિસ્થિતિમાંથી બહાર લાવવા કેન્દ્ર સરકાર અને રાજ્યસરકારશ્રી દ્વારા તત્કાલીન રીતે અમલીકૃત યોજનાથી જરૂરિયાતમંદને લાભો આપવામાં આવ્યા. આ સાથે જ ઘણી સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ, ધાર્મિક સંપ્રદાયના સંસ્થાન દ્વારા ખુલ્લા મેદાનોમાં, ફુટપાથ રાતવાસો કરતાં કે ઝુંપડામાં રહેતાં શ્રમિકોને બે ટંકનું ભોજન, કપડાં કે પોતાના વતન જવા માટેનું ભાડું આપ્યું. પરંતુ પહેલી લહેરમાં આદિવાસી શ્રમિકોમાં કૉરાનાના લક્ષણો તો ઓછા દેખાયા પરંતુ તેનાથી ઉદ્દભવેલી લાંબાગાળાની અને ટૂંકાગાળાની પ્રત્યાઘાતી અસરો ઘણી જ ભયાનક વ્યક્તિગત, સામુદાયિક અને સાથોસાથ રાષ્ટ્રવ્યાપી બની. આ મહામારીની અસરમાં આર્થિક રીતે સંપન્ન વર્ગ પણ તૂટયો તો ગરીબ વર્ગની શી દશા થઇ હશે તેની કલ્પના માત્રથી અનુકંપા લાવે તેવી છે.જયારે કોઇ પણ રાષ્ટ્રનો આર્થિક રીતે પગભર વર્ગ ભાંગે કે ભીંસમાં આવે તો તેની પરોક્ષ

અસર શ્રમિક વર્ગને થાય જ છે.આ વર્ગ વધુ બિચારાપણાની સ્થિતિમાં મુકાય છે પ્રસ્તુત લેખમાં કૉરાના મહામારી, લૉકડાઉન અને સ્થળાંતર આદિવાસી શ્રમિક સમાજને વેઠવી પડેલી હકારાત્મક અને નકારાત્મક અસરો અને પ્રત્યાઘાતોની વિસ્તૃત ચર્ચા આપણે કરીશું.

<u>કૉરોના વાયરસ શું છે?</u>

કૉરોના વાયરસનો ઉદ્દભવ ૩૧ ડિસેમ્બર-૨૦૧૯માં ચીનના વુહાન શહેરમાં થયો. આ વાયરસની ફેલાવો,ભયાનકતા અને તેને કારણે થતાં મૃત્યુ વગેરે પરિસ્થિતિને જોઇને વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ આ મહામારીને કૉવિડ-19 નામ આપ્યુ.કૉવિડનો અર્થ જોઇએ તો Corona Virus Disease-2019. કૉરોનાનો લેટિન ભાષાનો અર્થ "ક્રાઉન "અથવા "મુકુટ "થાય છે. "Crown" એટલે સૂર્ય જેવું ગોળ દેખાવવું. આ ગોળાકાર વાયરસ ઉપર પ્રોટીનની શાખાઓ છે.આ કૉરોના વાયરસ માનવ વાળ કરતાં નવસો ગણો નાનો છે. તેની ચોક્કસ સાઇઝ ૬૦-૧૪૦ nm જેટલી હોય છે.જે નરી આંખે જોઇ શકાતો નથી. મનુષ્યના શરીરમાં તે શ્વાસોચ્છવાસ દ્વારા પ્રવેશે છે.આ રોગનો સંક્રમિત કાળ બે-પાંચ દિવસથી ચૌદ દિવસનો હોય છે.પરંતુ મનુષ્યને તેની શારીરિક અને માનસિક અસર છ માસ સુધી રહે છે.

લક્ષણોઃ-આ રોગમાં દર્દીને શરદી ,ઉધરસ,તાવ અને ખાંસી, શ્વાસ લેવામાં તકલીફ, સુંગધ અને સ્વાદ પારખવાની ક્ષમતા જતી રહેવી જેવા શારીરિક લક્ષણો દેખાય છે.જેના કારણે ન્યુમોનિયા વાયરલ સ્પેસીસ, કીડની ફેઇલ થવી,cytokine release syndrome, હદયરોગ paediatric multisystem જેવા મહારોગના લક્ષણો દેખાય છે.

<u>કૉરોનાની શરૂઆત અને હાલની સ્થિતિઃ-</u>

ભારતમાં ૩૦ જાન્યુ-૨૦૨૦ કેરળમાં અને ગુજરાતમાં ૧૯ મી માર્ચ ૨૦૨૦ના સુરત અને રાજકોટમાં આવ્યો.આ રોગના કેસીસ પરદેશમાંથી કોઇકને કોઇ કારણોસર સ્થળાંતર કરીને આવેલ વ્યકિતઓ દ્વારા જોવા મળ્યા.ભારતમાં માર્ચ,૨૦૨૦ના અંતમાં આ આંક ૧૩૭૭ થયો હતો. આ સમયગાળામાં વિશ્વના ૧૧૪ દેશોમાં કુલ ૧,૧૮૦૦૦ કેસીસ નોંધાયા હતાં. તેથી જ તો વિશ્વ આરોગ્ય સંસ્થાએ તેને મહામારી તરીકે જાહેર કરી.ગુજરાતના સંદર્ભમાં જોઇએ તો માર્ચના અંતમાં માત્ર ૮૭ કેસીસ નોંધાયા હતાં જેમાં ક્રમશ વધારો નોંધાયો હતો. ગુજરાતમાં નોંધાયેલ કેસીસના આંકડા જોઇએ તો જોવા મળ્યા હતાં.

| ક્રમ | માસ | કેસની સંખ્યા |
|---|---|---|
| ૧ | એપ્રિલ | ૪૦૦૦, |
| ૨ | મે | ૧૪૦૦૦ |
| ૩ | જૂન | ૨૯૫૭૮ |
| ૪ | જૂલાઇમાં | ૪૮૪૯૧, |
| ૫ | ઑગસ્ટ | ૯૦૦૦૦, |
| ૬ | સપ્ટેમ્બર | ૧.૩૩ લાખ |
| ૭ | ઑક્ટોબરમાં | ૧૬૯૦૭૩ |
| ૮ | નવેમ્બર | ૧૮૩૧૨૦ |
| ૯ | ડિસેમ્બરમાં | ૨,૩૩૨૬૩ |

વર્તમાન સમયમાં ડિસેમ્બરના ૨૦૨૦ના અંત સુધીમાં આ રોગની સ્થિતિ તરફ નજર નાંખીએ તો તે વિશ્વના ૧૯૧ દેશોમાં ફેલાય ચુક્યો છે.આખા વિશ્વમાં કુલ નોંધાયેલ કેસીસ ૭૪૨૧૦૦૧૪ છે.જે પૈકી ૧૬,૪૮,૮૬૭ દર્દીઓ મૃત્યુ પામ્યા.૩,૦૫,૮૪,૧૩૯ જનસમુદાય આ મહામારીથી પીડાય છે,જયારે ૪,૧૯,૭૭,૦૦૮ દર્દી તરીકે નોંધાયા હતા પરંતુ હવે તે સાજા થઇ ગયા છે.વિશ્વના વિકસિત દેશોમાં આ મહામારીનું પ્રમાણ વધારે છે.યુનાઇટેડ કિંગડમ અને ઇટાલીમાં મૃત્યુદરનું પ્રમાણ ૧૪% થી વધુ છે.જર્મનીમાં ૪% અને.યુ.એસમાં મૃત્યુદર લગભગ ૩.૩ જેટલો છે. જયારે ભારતમાં મૃત્યુદર ૨.૧% જેટલો છે. વસતિની ગીચતા છતાં ચેપનું પ્રમાણ ઓછું જેમાં ઘણાં કારણો જવાબદાર છે. એમાંનું એક કારણ આપણે ત્યાં પરિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે.સરકારે રોગને કાબુ લેવા માટે સરકારી રાહે પગલાં લેવાના શરૂ કર્યા.સાવચેતીના ભાગરૂપે સરકારે લૉકડાઉન આપ્યું. શ્રમિકવર્ગને મહામારી કરતાં પોતાનું જીવન કઇ રીતે ટકાવવું તેની ચિંતા પેઠી.કૉરાના એક શારીરિક બિમારી છે.પરંતુ તેની જનજીવન અને જનમાનસ ઉપર હકારાત્મક અને નકારાત્મક અસર સવિશેષ પડી છે.

આ મહામારીથી બચવા માટેના કેટલાંક ઉપાયો-

વૈશ્વિક મહામારીએ સ્પર્શથી,સંપર્કથી અને શ્વાસોચ્છવાસથી ફેલાય છે.આથી વ્યક્તિ વ્યક્તિ વચ્ચે છ મીટર જેટલું અંતર રાખવું હિતાવહ છે.તબીબો વિશેષજ્ઞોએ “S.M.S.”નો ઉલ્લેખ કરે છે.જેમાં

S- Social Distance
M- Mask
S- Sensitizer

ઉપરોક્ત ત્રણ બાબતોનો ખ્યાલ તેમજ વારંવારં પાણીથી ૨૦ સેકન્ડ સુધી હાથ ધોવામાં આવે તો આ રોગના ચેપથી બચી શકાય. કૉવિડ-19ના વાયરસથી બચવા માટે શારિરીક અંતર રાખવું એ અનિવાર્ય છે જેમાં શારીરિક અંતરને બદલે સામાજિક અંતર વધવા પામ્યું હોય એવા બનાવો પણ આપણી સમક્ષ આવ્યા છે.જેથી જનમાનસમાં પણ બદલાવ આવ્યો છે.કૉવિડ-19ને કારણે આર્થિક રીતે સાધનસંપન્ન પરિવારો કરતાં શ્રમિકવર્ગને ઘણું જ નુકશાન થયું છે. અર્થોપાર્જન માટે પોતાનું વતનનું ગામ છોડીને જે બહાર રહેતાં હતાં તેવા શ્રમિકોએ ઘણી હાલાકી ભોગવવી પડી.

**<u>સ્થળાંતર એટલે શું?</u>**

દુરના સ્થળે તથા લાંબા ગાળા સુધી વ્યકિતનો વસવાટ એટલે સ્થળાંતર.આ માટે આર્થિક અને બિનઆર્થિક કારણો જવાબદાર બની શકે છે.યુનાઇટેડ નેશન્સ મલ્ટી લીગલ ડેમોગ્રાફીએ આપેલ વ્યાખ્યા મુજબ એક ભૌગોલિક એકમ અથવા બીજા એકમથી અન્ય ભૌગોલિક એકમ તરફની ભૌગોલિક ગતિશીલતા અથવા વિશેષ ગતિશીલતા જેમાં સામાન્ય રીતે મૂળ શ્થળ અને આગમાનના સ્થળ વચ્ચેના રહેઠાણના ફેરફારનો સમાવેશ થાય છે.

સ્થળાંતર શા માટે?

જયારે વ્યક્તિ,કુંટુબ પોતાના જન્મના સ્થળે પોતાની આજીવિકા ચલાવવામાટે પુરતા પ્રમાણમાં અર્થોપાર્જન ન કરી ત્યારે તે પોતાના વતનથી દુર સ્થળાંતર કરે છે. આ સ્થળાંતર મોટેભાગે ગ્રામીણ અલ્પવિકસિત પ્રાંત કે પરપ્રાંતમાંથી અન્ય જે પ્રાંત કે પરપ્રાંતમાં તયાં ઔધોગિક એકમોનું પ્રમાણ વધુ હોય કન્સ્ટ્રકશન માટેના એકમો વધુ ચાલતાં હોય ત્યાં તે પ્રાંતમાં શ્રમિકોનું સ્થળાંતર આંશિક કે પૂર્ણકાલીન એમ બે પ્રકારનું જોવા મળે છે.બારતના અને ગુજરાતના સુપ્રસિધ્ધ સમાજશાસ્ત્રી, ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ વાઇસ ચાન્સેલર,વિવેચક, કટારલેખક ડૉ.વિદ્યુતભાઇ જોષીએ ઋતુને આધારે શ્રમિકોને બે ભાગમાં વિભાજન કર્યા છે.

૧.સ્વતંત્ર

૨.પરતંત્ર

યુ.એનના ડેટા પ્રમાણે હાલમાં દેશની વસતિ ૧૩૮૦૦૦૪૩૮૫ કરોડ જેટલી છે.આ વસતિના પ્રમાણમાં દેશની સ્થળાંતરની સ્થિતિનું વિહંગાવલોકન કરીએ તો દેશની કુલ વસતિના ૨૯.૮૬% લોકો એટલે કે ૩૦૭૧૫૦૧૫૭ લોકો આજીવિકા માટે સ્થળાંતર કરે છે. દેશની વસતિની ગીચતા પ્રતિ ચોરસ કિલોમીટર જોવા જઇએ તો ૪૬૪ વ્યક્તિઓ તેમાં સાવિષ્ટ જોવ મળે છે.આથી અંદાજ આવી શકે કે દરેક વ્યક્તિની ભૂખ એક સંતોષી શકાય ન શકાય એ સ્વાભાવિક બાબત છે.તેમાં ય ભારતના મધ્યપ્રદેશ,મહારાષ્ટ્ર અને બિહારમાં વસતિનું પ્રમાણ વધુ છે અને તે પ્રમાણમાં રોજગારીની તકો ઉપલબ્ધ નથી.આથી આ પ્રાતમાંથી શ્રમિકોનું સ્થળાંતર વિશેષ પ્રમાણમાં ગુજરાતમાં થાય છે. આપણા ગુજરાત રાજ્યની સ્થિતિ જોઇએ તો કુલ વસતિના ૬.૪ કરોડ છે.(૬૩૮૭૨૩૯૯) જેટલી છે. આ વસતિમાંથી ૧૮૮૧૦૫૯૨ લોકો સ્થળાંતર કરે છે. જે રાજ્યની કુલ વસતિના ૩૭.૧૨% છે.આ આંકડાને કારણે દેશના અને રાજ્યના શ્રમિકોના સ્થળાંતરની સ્થિતિનો ખ્યાલ આવે છે. ભારત અને ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં મૂળભુત રીતે વસવાટ કરતાં પરતુ આજીવિકા માટે સ્થળાંતર કરતાં આદિવાસી શ્રમિકોને કૉરોના અને તેના કારણે જાહેર કરેલ લૉકડાઉનથી ભોગવવી પડેલ હાલાકી તેમજ તેમના જીવન પર પડેલ નકારાત્મક અસરો અંગે સવિસ્તૃત ચર્ચા કરતાં પહેલાં આદિવાસી કોણ એ અંગે પણ આપણે માહિતી મેળવવાનો પ્રયાસ કરીશું.

**<u>આદિવાસી કોણઃ-</u>**

આદિવાસી જે સ્વયંભૂ રીતે આ ભૂમિ પર રહેતાં આવ્યા છે.તેઓ જ ભારતીય ઉપમહાદ્વિપમાં સૌ પ્રથમ માનવીઓ છે. આજાતિ માટે અંગ્રેજી શબ્દ "Tribe" છે. આપણા દેશમાં ટ્રાઇબનું શાબ્દિક અર્થઘટન વિશેષરૂપે થાય છે. જેમકે ટ્રાઇબ એટલે જુદાં જુદાં કુળ અને ગોત્રનું જૂથ જે દેશના વિવિધ પ્રદેશોમાં વસતું હોય.આપણા દેશનું નામ અહીં વસનારી બળવાન આદિવાસી જાતિ ભરત જાતિ ઉપરથી પડયું હોય એવા ઉલ્લેખો જોવા મળે છે.આદિવાસી જાતિની ઓળખ અને સ્થિતિ અંગે ઘણાં વર્ણનો છે.પરંતુ અહી તેની વિસ્તૃત ચર્ચાને કોઇ અવકાશ નથી.પરંતુ જ્યારથી બ્રિટિશર્સ આવ્યા અને તેમણે ભારતમાં જનગણનાની શરૂઆત કરી જેને લઇને પહાડી વિસ્તારમાં જંગલ વિસ્તારમાં રહેતાં લોકો જે પછીથી તેઓ આદિમજાતિઓ વગેરે તરીકે ઓળખી.આપણા આઝાદ ભારતના સંવિધાનમાં આદિવાસીને કલમ ૩૪૨(ક) દ્વારા અનુસૂચિત જનજાતિ તરીકે ગણવામાં આવી.વિકાસની દૃષ્ટિએ સામાન્ય વર્ગ કરતાં આ જાતિ અતિપછાત ગણાતાં તેમના માટે બંધારણીય રીતે ખાસ પ્રકારની જોગવાઇ કરવામાં આવી પરંતુ હાલામાં પણ આ વર્ગ જાણકારીના અભાવે તેમજ આંતરમુખી સ્વભાવને કારણે વિકાસની દ્રષ્ટિએ હાંસિયામાં રહેવા પામી છે.પરંતુ બદલાઇ રહેલા સમાજની ધારાની અસર આ સમાજ ઉપર પણ પડી છે.તેથી પણ તેઓ શહેર તરફ આજીવિકા માટે મીટ માંડી.અને ગામડાઓ તૂટયા. આમ પણ જે વિસ્તારમાં રહીને તે જીવન જીવે છે તે વિસ્તારમાં પૂર્ણ સમયની આજીવિકા તેને પ્રાપ્ત થતી નથી.તે ખેતી તો કરે છે પરંતુ તે ડુંગરાળ વિસ્તારમાં વરસાદ આધારિત વૈજ્ઞાનિક અભિગમ વિનાની હોય આથી તેને શ્રમના પ્રમાણમાં ઉત્પાદન મળતું નથી. જેથી આ પ્રકૃતિ સમાજ કહેવાતાં ભૌતિક સાધન સંપન્ન વર્ગથી ઘણો જ જુદો પડે છે

ભારતમાં ૧૯૯૧ માં ઔધોગિક ક્ષેત્રે આવેલ વૈશ્વિકરણ,ઉદારીકરણ અને ખાનગી કરણને કારણે ઘણાં ઉદ્યોગો ભારતમાં સ્થપાયાં કારખાનામાં કામ કરવા માટે લોકોએ જાણે દોટ મૂકી છૂટો પ્રકૃતિની વચ્ચે જીવવાં ટેવાયેલો

આદિવાસી સમાજ પણ પોતાની અને પોતાના કુંટુંબના સભ્યોની સુખાકારી માટે શહેર તરફ ભાગ્યો,એટલે સ્થળાંતર કરતો થયો.આ આદિવાસી વર્ગ શહેરમાં આવ્યો છૂટાછવાયા ક્ષેત્રોમાં કામ કરવાં જોડાયો એટલે તે શ્રમિક તરીકે ઓળખાયો અહીં આવી તેણે પોતાની ભોમ,ઓળખ અને માનવ તરીકેની ગરિમામાં પણ તેણે ગુમાવીને તે શહેરોમાં સરનામા વિનાનો મજૂર બન્યો. સામાન્ય સંજોગોમાં જયારે શ્રમિક શહેરમાં પોતાની ઓળખ વિનાની જિંદગી જીવતો ત્યારે વૈશ્વિક મહામારીના સમયગાળામાં થયેલ લૉકડાઉનમાં તેની શું સ્થિતિ થાય એ વિચારવું રહ્યું.આ સમગ્ર બાબત માત્ર કોઈ એકલદેકોલ વ્યક્તિ નહી પરંતુ શ્રમિક તરીકે ઓળખ પામેલ આદિવાસી સમાજની છે એટલે તેને ગંભીરતાથી સમજવાનો પ્રયાસ કરીશું.

**<u>આદિવાસી વસતિ અને સ્થળાંતરઃ</u>**

ભારત ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે દેશના અઠ્ઠાવીસ રાજયો અને સાત કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી પૈકી હરિયાણા, પંજાબ, દિલ્હી, પૉંડિચેરી જેવા ચાર રાજયો સિવાયના તમામ રાજયો મળીને દેશની કુલ વસતિમાં ૮.૬% એટલે ૧૦,૪૨,૮૧૦૩૪ જેટલી આદિવાસી સમુદાયની વસતિ જોવા મળે છે.જેમાંથી ૯૩૮૧૯૧૬૨ ગ્રામીણ વિસ્તારમાં છે ૧૦૪૬૧૮૭૨ વસવાટ કરે છે.આ આદિવાસીઓમાં ૫,૦૭,૯૭,૮૫૦ શ્રમિક કામદાર છે.આ કામદારોમાં ૪.૬૯ ગ્રામીણ વિસ્તારમાં અને ૩૮.૮૯ શહેરી વિસ્તારોમાં કામદાર તરીકે કામ કરે છે.જયારે ગુજરાતની સમગ્ર વસતિના સંદર્ભમાં આદિવાસી સમુદાયની વસતિની વાત કરીએ તો તેનું પ્રમાણ ૧૪.૭૫% જેટલું છે. ગુજરાતમાં આદિવાસી સમુદાયની છવ્વીસ પ્રજાતિઓ મળી કુલ ૮૯૧૭૧૭૪ વસતિ જોવા મળે છે. ગુજરાત વિવિધ જિલ્લાઓમાંથી શ્રમિક તરીકે ૧૮૮૧૦૫૯૨ લોકો સ્થળાંતર કરે છે તેમાંથી ૧૮૬૪૭૩૮ આદિવાસી વસતિ સ્થળાંતર કરે છે,એટલે કે ૪૪.૩૨ આદિવાસી શ્રમિકો મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે.જે રાજ્યના કુલ સ્થળાંતરોના ૧૧.૮૯% જેટલાં છે.આદિવાસી શ્રમિકોના ફરજપૂર્વકના સ્થળાંતરો એ ઉદ્દગમ સ્થાન અને નિર્ધારિત સ્થળોમાં ઉદ્દભવેલી સમસ્યાઓ સૂચવે છે.સ્થળાંતર અને વિસ્થાપનનાં કારણે મૂળનિવાસથી ઠાલી જ રહેતાં જમીન,પાણી,ઘાસચારો અને વન જેવી પ્રાકૃતિક સહિયારી સંપદાથી તેમને વંચિત કરી દીધાં.આથી જ કહી શકાય કે વિકાસની ક્ષતિયુક્ત વિભાવનાની આડપેદાશ એટલે સ્થળાંતર.આ આદિવાસી વર્ગ તો હરહમેંશ જીવ્યો છે પ્રકૃતિની ગોદમાં અને તેને જ પોતાનું આજીવિકાનું સ્રોત બનાવ્યું છે.પરંતુ હવે ભૌતિકવાદની ઘેલછાંમાં અને કુદરતી પ્રકોપને કારણે પણ આ સમુદાય શહેર તરફ આવ્યો છે.શહેરમાં વધુ કમાણી છે એ માનસિકતાને કારણે તેમજ ગ્રામીણ રોજગારની ઉપેક્ષાને કારણે આદિવાસી સ્થળાંતરિત શ્રમિક બન્યો અને પોતાની પરંપરાગત ધરોહર સાથે અનું

છતાંય, સમગ્ર ભારતના કૃષિવિકાસ અને ઔધોગિક વિકાસમાં સ્થળાંતરિત આદિવાસીઓનું બહુમોટું અને મૂલ્યવાન પ્રદાન એ જ રીતે ગુજરાતમાં પણ પ્રાંત અને પરપ્રાંતમાંથી શ્રમિકો તરીકે આવતાં આદિવાસી સ્ત્રી-પુરૂષોનું બહુમોટું પ્રદાન છે.આ આદિવાસી શ્રમિકો આ સાથે દર્શાવેલ તેમજ તે સિવાયના ક્ષેત્રોમાં કામ કરે છે.

૧. શેરડી અને ગોળ બનાવવાના કારખાનામાં કામદાર તરીકે

૨. બાંધકામ મજૂર

૩. બાગાયતી ખેતકામદાર ( દ્રાક્ષ, કાજૂ, ડુંગળી વગેરેની વાડીમાં )

૪. કારખાનામાં છૂટક કામદાર તરીકે

૫. છૂટક ખેતમજૂર તરીકે

૬. ઘરકામ / ઘરઘાટી તરીકે

ઉપરોક્ત સિવાય પણ આદિવાસી પરિવારના પુરૂષ-સ્ત્રી સભ્યો કામદાર તરીકે સ્થળાંતર કરે છે.આ શ્રમિકો સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રોમાં કામદાર તરીકે કામ કરતાં હોય છે.આ શ્રમિકોમાં સૌથી વધારે એટલે કે ૨૦ લાખ બાંધકામ શ્રમિકો તરીકે કામ કરે છે.તેમાંથી ૯૦% જેટલાં પૂર્વપટ્ટીમાં વસતાં આદિવાસી સમુદાયના લોકો છે.ભારતના સંવિધાનમાં આદિવાસીઓ માટે જંગલ જમીન હક્ક અપાવે તેવો ૭૩એ અને ૭૩ એએનો કાયદો,વન અધિકાર અધિનિયમ,પંચાયત એક્સટન્શન ફોર સિડ્યુલ એરિયા દ્વારા આદિવાસીઓને પોતાના ગામના વહીવટી આપવની વાત પણ કરવામાં આવી છતાં આ આદિવાસી પોતાની રોજીરોટી માટે ભટકે છે શા માટે? પાલક જ ભક્ષક બને અને આદિવાસી પોતાનું પણ ઉચ્ચ શિક્ષણ પ્રત્યેનું ઉદાસીન વલણ અને પોતાના માટેના કાયદાકીય જાણકારીના અભાવે કામદાર તરીકે એક માનવ તરીકેની ઓળખ ગુમાવી ચુક્યા હોય એવું કૉરોનાને કારણે જાહેર થયેલ લૉકડાઉને સાબિત કર્યુ છે. મહામારીના સમયમાં જ્યારે બધાં જ સાધનસંપન્ન વર્ગ નોકરીધંધા વગરના થઇને બેઠાં હોય ત્યારે આ બિચારા આદિવાસી શ્રમિક વર્ગની શું દશા હોય? આદિવાસીઓ મોટેભાગે અસંગઠીત ક્ષેત્રોમાં કામ કરતાં સવિશેષ જોવા મળે છે.જેના કારણે તે નીચેમુજવની તકળીફોનો પણ ભોગ બનતો હોય એવાં ઉદાહરણો આપણને દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો દ્વારા જાણવા મળે છે.તેઓ જ્યાં કામ કરતાં હોય ત્યાં, તેઓની જે દશા જોઇએ તો

- હવા-ઉજાસ વિનાના ઘર
- નાવણિયાનો અભાવ
- શૌચાલયનો અભાવ
- સગર્ભા-પ્રસુતા અને ધાત્રી માતાને મળવાપાત્ર લાભ અને સુવિધા
- ઘોડિયાઘરની સુવિધા
- શારીરિક-માનસિક અને આર્થિક શોષણ
- કામના સ્થળે સલામતી-સુરક્ષાનો અભાવ
- કામના સ્થળે અન્નસુરક્ષાનો અભાવ
- ઓળખની સમસ્યા

ભારત સરકારે "આંતર રાજ્ય શ્રમિક સ્થળાંતરઃ રોજગારીનું નિયંત્રણ અને શ્રમકાર્યની શરતો અંગેનો ધારો-૧૯૭૯માં ઘડયો છે.આ ધારાના અસરકારક અમલ માટે ૧૯૮૦ના કેન્દ્રીય કાયદાઓ બન્યા પરંતુ બંધારણીય કાયદાકીય જોગવાઇ અનુરૂપ શ્રમિકોને પુરતાં નાણાં કે કામકાજના સ્થળે સુરક્ષા,સલામતી કે અન્ય લાભો મળતાં નથી. સ્થળાંતરિત આદિવાસી શ્રમિકો આજીવિકા માટે જે સ્થળાંતર કરે છે ત્યાં જ મોટેભાગે તેનું હંગામી રહેણાંક બનાવીને રહેતાં હોય તેવું જોવા મળે જયાં કોઇ પ્રકારની સુવિધા ન હોય.કાયદાકીય રીતે મનુષ્ય તરીકે મળવા પાત્ર જરૂરી સુવિધાઓ પણ તેમને કામ સ્થળે મળતી નથી.માલિકો તેમની સાથે માત્ર કામનો નાતો રાખતાં હોય છે.તેમની સુખાકારી માટે નહીવત કે જવલ્લે જ વિચારે છે.આવી આપત્તિ તેમના માટે કોઇ વિચારે અને તેમને શ્રમ વગર નાણાં કે અન્ન આપે ,આથી જ તો બહુધા આપત્તિનો તાગ પોતાની આંતરિક કોઠાસુઝથી આ આદિવાસી શ્રમિક વર્ગ "બિચારા"ના વર્ગમાં આ લૉકડાઉન વખતે મુકાયો.સરકારે પ્રયત્નો કર્યા પણ માહિતીથી અજાણ આ સમુદાયના શ્રમિકોને આ સમયગાળામાં પોતાનું ગુજરાન ચલાવવા વખાં પડયાં.

ભારત વર્ષમાં વસવાટ કરતી આદિવાસી ૯૦% વસતિએ આર્થિક રીતે સધ્ધર નથી તેઓ શહેરી વિસ્તારમાં જઇને પોતાનું ગુજરાન ચલાવે છે. શ્રમિક તરીકે માત્ર પુરૂષો જ હોય એવું નથી સ્ત્રીઓ પણ જોડાય છે. ગુજરાતમાં ડાંગ, તાપી, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર વગેરે જિલ્લાઓમાંથી આદિવાસી સ્ત્રી-પુરૂષો પોતાના બાળકો સાથે આંતર

જિલ્લાઓમાં સ્થળાંતર કરે છે. પહેલાં તો આ મજૂરોને વેઠિયા, હાળી તરીકે ઓળખતાં કેટલાંક વિસ્તારોમાં આ પ્રથા વંશપરાપરાગત ચાલી આવતી.તેમના જ નાના બાળકો પણ માલિકના ઘરના નાના બાળકોને સાચવવાં માટે રાખવામાં આવતાં.હાલમાં આ પ્રથા હાલમાં પ્રત્યક્ષ રીતે દેખાતી નથી.પરંતુ કેટલાંક આદિવાસી ગામોમાં ફરતાં પ્રત્યક્ષ રીતે જોવા પણ મળ્યું છે.કામના સ્થળે એકસરખું કામ કરતાં હોય છતાં પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓને ઓછું વેતન આપીને પણ આ સ્ત્રીઓનું અને આદિવાસીઓનું શોષણ થતું આવ્યું. સેન્ટર ફોર કલ્ચર એન્ડ ડેવલોપમેન્ટના અહેવાલ મુજબ અંતરિયાળ ગામોમાંથી રોજીરોટી માટે શહેર તરફ આવતાં આ આદિવાસી શ્રમિકો શહેરમાં સરનામા વિનાની જિંદગી જીવે છે. જેનો અહેસાસ સૌને કૉરાના કાળે કરાવ્યો છે.

ગુજરાતના વસવાટ કરતાં આદિવાસીઓની વિવિધ પ્રજાતિઓ પોતાના જીવનનિર્વાહ માટે સ્થળાંતર કરે છે.જેમાં કોલઘા, કાથોડી, સીદ્દી,પઢાર, કોટવાળિયા આદિમ જુથના સ્ત્રી-પુરૂષો ઋતુ આધારિત સ્થળાંતર કરે છે. તેઓ માટીકામ, વાંસકામ, શેરડીના ખેતરમાં કે ગોળ બનાવવાના કારખાનામાં કામે જાય છે.આ કે આ સિવાયની અન્ય આદિવાસીની પ્રજાતિઓ તેઓ કોઇ સ્વતંત્ર કે પરાધીન મજુરોની વ્યાખ્યામાં નથી આવતાં તેવાં તમામ મજુરોને પહેલાં લૉકડાઉન સુધી તો માલિકોએ રાખ્યા પરંતુ પોતાના ઉદ્યોગ સદંતર બંધ કરાવવામાં આવતાં બધાને કામકાજ ચાલુ થાય પછી બોલાવીશું એમ કરીને છૂટાં કર્યા. કારખાનામાં કે બાંધકામ ક્ષેત્રે કામ કરતાં શ્રમિકોને કરેલ કામના દિવસોનો પણ પગાર ન આપ્યો. તેમને પોતાના વતન જવા માટેના નાણાં કે તેમને પોતાના કુંટુંબના સભ્યો સાથે વતન જવા માટેની વ્યવસ્થા પણ ન થઇ હોય એવા સમાચારો સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ સાથે કરેલ રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળી છે.ઉદાહરણ સ્વરૂપે જોઇએ તો તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના ઝરણપાડા ગામમાં ૯૩% વસતિ કાથોડી આદિમ જુથની છે.અન્ય ૭%વસતિ પણ આદિવાસીઓની જ છે. આ બધાંજ સ્થળાતર શ્રમિકો તરીકે પોતાનું જીવન વિતાવે છે. તેઓ આસપાસના કારખાનામાં , શેરડીના કારખાનામાં મજુરીએ જાય છે. આ આખો વર્ગ લૉકડાઉનમાં પગપાળા ચાલીને પોતાના વતન પહોંચ્યો.બીજો એક બનાવ શ્રમિક પોતાના ઘરના સભ્યોના મહામારીની ભ્રામક ડરના ભોગ બન્યા હોય એવા પણ જાણવા મળ્યા છે.દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના ઉંમરપાડા તાલુકાના ઉંમરખાડી ગામનો છે. આ કિસ્સામાં ગામના બે યુવાનો સુરત કારખાનામાં મજૂરી અર્થે ગયા હતાં. ત્યાં જ ખોલીમાં ભાડે રહેતાં. અચાનક જ કૉરોનાને કારણે લૉકડાઉન જાહેર થયું રોજમદાર તરીકે કામ કરતાં એટલે પાસે વધુ નાણાં નહોતાં.જેટલાં હતાં એટલાં દિવસ ત્યાં રહીને ખાધું.સરકારે લૉકદાઉનની અવધિ વધારી ખોલીના ભાડાના નાણાં નહી. આથી વતનની વાટ પકડી ચાલીને ઘરે તો પહોંચ્યા પણ તેમના આવવાની ખુશી કરતાં ચહેરા પર ભય છવાયો. ઘરમાં એક ઓરડામાં મુકી દીધાં બોલવાનું નહી તેમની પાસે કોઇ જાય અને જમવાની થાળી  પણ દુરથી લાકડીથી આપી દેતાં અથવા જાતે બનાવવાની ફરજ પડી હોય એવા બનાવો નોંધાયા છે. શહેરમાંથી તેઓ આવ્યા એટલે કૉરોનાનો ચેપ લઇને આવ્યા હોય એવી બીકના કારણે આવો અમાનવીય વ્યવહાર કર્યો. કૉરાનાનો ભ્રામક ખ્યાલથી પણ આદિવાસી શ્રમિકો હેરાન થયાં છે. ઉંમરપાડા તાલુકાનો જ એક બીજો બનાવ છે જેમાં ગામના એક ભાઇ કૉરોના વાયરસ સંક્રમિત ભાઇના સંસર્ગમાં આવ્યા હતાં આ અંગે ગામના લોકોને જાણ થતાં આ ભાઇના ઘરના સભ્યોને ગામના

નળેથી પીવાના પાણી ભરવાની પણ ના પાડી.ગામના રસ્તા ખોદી નાંખ્યા હતાં આથી શહેરમાં કમાવવા ગયેલાં વ્યકિતઓ કે કુટુંબો પોતાના ઘરે પણ ન આવી શકે એવા સામાચાર પ્રાપ્ત થયાં છે.ગુજરાતમાં તાપી, ડાંગ, દાહોદ, પંચમહાલ જિલ્લાના આદિવાસી શ્રમિકોને પોતાના વતનમાં પહોંચવા માટે ખાનગી વાહનમાં નિયત ભાડા કરતાં વધુ ભાડુ ચુકવીને વતનમાં પહોંચ્યા છે.રસ્તામાં આવા વાહનને રોકીને પોલીસકર્મીઓનો માર ખાધો હોય એવાં બનાવો પણ નોંધાયા છે.

ભારતીય સંવિધાનમાં દર્શાવેલ કારખાના સંદર્ભના કારખાના કાયદો ૧૯૪૭ બનાવ્યો અને આ કાયદામાં વખતોવખત થતાં સુધારાઓથી આદિવાસી શ્રમિકને ફાયદો થયો હોય એવાં કિસ્સાઓ કેટલાં? એણે એકલાં લડત આપી હોય અને એને ન્યાય મળ્યો હોય એવા દાખલાંઓ કેટલાં? અશિક્ષત અને માહિતીથી અજાણ આ શ્રમિક વર્ગના હક્ક માટે લડત આપનાર સંસ્થા કેટલી અને સાચા અર્થમાં એના બેલી કોણ? કૉરોનાકાળમાં રસ્તે ચાલીને જતાં લોકો માટે સ્વૈચ્છિક રીતે સ્થાનિક સમુદાયે, સંસ્થાએ , ધાર્મિક સંસ્થાએ અન્ન, કપડાં, ચંપલ તેમજ આ શ્રમિકોને જવા માટે વ્યવસ્થા કરી. રાષ્ટ્ર વ્યાપી બોત્તેર દિવસના લૉકડાઉને આ આદિવાસી સમુદાયને વધુ કુપોષિત બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

આપણે અત્યાર સુધી ગુજરાત પ્રાંતના જ આદિવાસી શ્રમિકોની વાત કરી પરંતુ ગુજરાતમાં પરપ્રાંતમાંથી પણ મહાનગરોમા રોજીરોટી કમાવવા માટે શ્રમિકો આવે છે. ગુજરાતમાં ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ વગેરે રાજયોમાંથી શ્રમિકો આવે છે. આ શ્રમિકો સુરત, વાપી, અમદાવાદ, જામનગર, રાજકોટ, ભાવનગર વગેરે જિલ્લાઓમાં આવે છે. અહીં આવીને આદિવાસી શ્રમિકો હલકાંથી ભારે મજુરી કામો રોજમદાર તરીકે કરે છે આવા પ્રકારના કામદારોને લૉકડાઉન સમયે છુટા કર્યા ત્યારે તેમની પાસે કશું જ ન્હોતું. અહીં તેમને લૉકડાઉનના કપરાકાળની યાતના ભોગવવી પડી. તેઓમાંથી કેટલાંક શ્રમિકો પગપાળા ચાલ્યા. જેમની સાથે તેમના કુટુંબના સભ્યો પણ ચાલ્યાં. જેમાં અબાલ, વૃધ્ધ, સગર્ભા બધાં જ ચાલ્યાં. કેટલાંક સ્થળોએ તંત્રએ તેમની સાથે અમાનવીય વ્યવહાર કર્યો હોય અને કેટલાંક ઠેકાણે તેમને ઇશ્વરીય અનૂભુતિ થઇ હોય એવા બનાવો લેખિતમાં નોંધાયા છે.ઓરિસ્સામાંથી આપણે ત્યાં સુરત આવીને કામ કરતાં શ્રમિકો ને વતન જવા માટે રેલ્વેના સામાન્ય વર્ગનુ ભાડુ જે રૂ. ૭૧૦/-થાય તેના બદલામાં રૂ.૯૦૦/- એજન્ટોએ લીધાં. બસભાડુ રૂ.૨૫૦૦/-લેવામાં આવ્યું હોય એવાં દાખલાંઓ પણ સામે આવ્યા છે.આવા ૧૦ લાખથી વધારે શ્રમિકોને પોતાના ખર્ચ મોકલનાર ફિલ્મ કલાકાર શ્રી.સોનુ સુદ જેવા દાનવીરોનો પરિચય આપણને થયો.તેથી જ કૉરોના ઉપાય સમાન આ લૉકડાઉનમાં માનવીય વ્યવહારોની અને તંત્રની હકારાત્મક અને નકારાત્મક પરાકાષ્ઠાને આ આદિવાસી શ્રમિકોએ અનુભવી છે. સ્થળાંતરિત આદિવાસીઓ માટે ગુજરાત અને મહારાષ્ટ્ર તો આ શ્રમિકો માટે રોટલા રળી આપવા માટેનું "હબ" ગણાય. બધાને અહીં આછો-પાતળો રોટલો રડે છે. પરંતુ લૉડાઉનની તત્કાલીન અસરથી બંધ થયેલ ઉદ્યોગો જાણે આ સમુદાય ઉપર કાળો કહેર વર્તાવ્યો.મૂળ રાજસ્થાન પરતુ મહારાષ્ટ્રમાં રહીને છુટક મજુરી કરતાં શ્રમિકોને લૉકડાઉનને કારણે વતન પહોંચવામાં મહારાષ્ટ્ર,ગુજરાતના પોલીસ ખાતાના આક્રોશનો ભોગ બનવું પડયું . રાજસ્થાનનાં ડુંગરપુર અને બાંસવાડા જિલ્લામાંથી અમદાવાદ ગાંધીનગર જેવા શહેરોમાં મજૂરી માટે આવે છે. અહીં તેઓ મોટેભાગે ઘરકામ કરે છે.આ બધાં જ શ્રમિકોની ગણના અસંગઠિત ક્ષેત્રમાં થાય છે. નૉવેલ

કૉરાના વાયરસના ડરને કારણે ઘરકામ માટે બધાંએ ના પાડી આથી આ શ્રમિકો કામધંધાના અભાવે ફરી પાછા ઘરે ગયા. અમદાવાદમાં રહીને કામ કરતાં આ શ્રમિકો વાહન ન મળતાં તેઓ પગપાળા પોતાના વતન ગયાં. તેઓ સતત બે-ત્રણ દિવસ ચાલ્યાં જેના કારણે પગે છાલા પડવા, માથું દુખવું, સોજા ચઢવા તાવ આવવો વગેરે બિમારીના તેઓ ભોગ બન્યા.રાજ્યો-રાજયો વચ્ચેની સીમાઓને વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરતાં લોકોને જે રીતે નીકળ્વા મળ્યું એ રીતે વતન તરફ નીકળ્યા.

<u>કૉવિડ-૧૯ લૉકડાઉન અને આદિવાસી શ્રમિકો</u>

આદિવાસી સમાજ ઉપર કૉરોના કરતાં ય વધારે માઠી અસર લૉકડાઉને પહોંચાડી છે. આદિવાસીઓમાં શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિક પાસાંઓને છિન્નભિન્ન કરી નાંખ્યાં છે. હજી આ પ્રજા ભયના ઓથાર હેઠળ જીવે છે. આ રોગનો ફેલાવવા વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે શારિરીક અંતર રાખવાની વાત છે. તેને બદલે સામાજિક અંતર રાખવા માંડયા એટલે આ ભ્રામક ખ્યાલો ઊભા થયાં છે. કૉરોનાની અસરથી ૧,૩૦ અબજની જનતાને બચાવવા આપણા માનનીય વડાપ્રધાને રાજ્યકક્ષાના મંત્રીઓને વિશ્વાસમાં લઇ લૉકડાઉન જાહેર કર્યુ. ભારતીય દંડસંહિતાની કલમ ૧૪૪ ને લાગુ કરી.ચાર વ્યક્તિઓને ભેગા થવા ઉપર પાબંદી લગાવી દીધી. કૉરોનાનો જનસમુદાયમાં થતો ફેલાવો અટકાવવા માટે લૉકડાઉન એ એક આપાતકાલીન વ્યવસ્થા બની. પરંતુ શ્રમિકો માટે આ લૉકડાઉને આભ સમાન મુશ્કેલી ઊભી કરી. કૉરોના વાયરસના પ્રત્યાઘાતને કારણે સાધનસંપન્ન વર્ગ પણ બીજા અને ત્રીજા લૉકડાઉનમાં સંવેદનશૂન્ય બન્યા હોય એવા બનાવો સામાયિકો નોંધાયા છે. મનુષ્યની સ્વાર્થવૃતિ અને મહામારીને કારણે કેટલાંક આદિવાસી શ્રમિકોએ અંતિમ શ્વાસ લીધાં. લૉકડાઉનમાં પોતાના વતનમાં જવા માટે જે શ્રમિકો પાછા ફરી રહ્યા હતાં તેમાં સગર્ભા કે ધાત્રીમાતાઓ પણ હતી. તેઓ આકરા તડકામાં ભૂખ્યા-તરસ્યા ચાલ્યાં હોય એવા સમાચાર મળ્યા છે. બે જીવી સ્ત્રીઓને ટાઇમસર પુરતું ખાવાનું ન મળ્યુ હોય એવા સમાચારોની નોંધ દૈનિક સમાચાર પત્રોએ લીધી છે. કુપોષિત માતાઓના કુખેથી ભવિષ્યમાં જન્મ લેનાર બાળકો કુપોષિત હશે એવી શંકાને નકારી ન શકાય

ભારતમાં કે ગુજરાતમાં શૈક્ષિણક કાર્ય બંધ થતાં શાળામાં અભ્યાસ કરતાં બાળકોને મધ્યાહ્ન યોજના અંતર્ગત જે ભોજન મળતું હતું તે બંધ થતાં આદિવાસી વિસ્તારના અશિક્ષિત શ્રમિક વાલીઓને પોતાના સંતાનોને પોષણ મળતું બંધ થયું આની લાંબા ગાળાની અસર બાળકના શૈક્ષણિક વિકાસ પર પડશે.તેનું સ્વાસ્થય જોખમાશે. કારણકે લૉકડાઉનમાં છ થી સાત માસથી શાળાઓ બંધ છે.આથી જકૉરાનાએ આદિવાસી સમાજ સ્થળાંતર અને લૉકડાઉનની ટૂંકા અને લાંબા ગાળાના પ્રત્યક્ષ અને પરોક્ષ અસરો પહોંચાડી છે. લૉકડાઉનમાં મોટા ભાગની સરકારી કચેરીઓની કામગીરીને પણ અટકાવી દેવામાં મધ્યાહ્ન ભોજન કે આંગણવાડી દ્વારા મહિલા અને બાળકોને આપવામાં આવતાં પૂરક આહારો પણ બંધ થયાં. પંડિત દીનદયાળ યોજના અંતર્ગત મળતું સસ્તુ અનાજ ન મળતા વતનમાં પહોંચેલા આદિવાસી શ્રમિકોને ઘરે પણ બાળકો સાથે જીવનની દોર ચલાવવી અઘરી પડી. કેટલાંક આદિવાસી શ્રમિકો જે હોળી પછી ઘરે રહ્યા હોય તેમને સરકારી અનાજ મેળવવા વલખાં મારવાં પડયા. આમ આ ફકરામાં શ્રમિકોના આરોગ્ય પર લૉકડાઉનની જે અસરોને વર્ણવી છે એ તત્કાલીન કે ટૂંકાગાળાની નહીં પરંતુ આ લાંબાગાળાની અસરો પૈકીની એક છે જેના પ્રત્યાઘાતો આદિવાસી સમાજ અને રાષ્ટ્રના

સર્વાંગી વિકાસ પર પડશે. ગુજરાત સુરતમાં ચાલતાં ટેક્ષટાઇલ્સ ઉદ્યોગમાં દેશભરમાંથી શ્રમિકો આવે છે જે તમામની ગણતરી અસંગઠિત કામદારોમાં થાય છે અહીં આ વાતનો ઉલ્લેખ એટલાં માટે કરવો પડે કારણ કે એમાં ૫૦% થી ૬૦% આદિવાસી શ્રમિકોનો સમાવેશ થાય છે.જેઓ ગુજરાતની પૂર્વપટ્ટીના જિલ્લા તેમજ ઓરિસ્સા, ઝારખાંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ બિહાર રાજયોમાંથી આવે છે એમ આ ઉદ્યોગ સાથે જોડાયેલ વેપારી શ્રી વિજયભાઇ માંગુકિયાએ સોશ્યલ મીડીયામાં જણાવ્યું હતું. તારીખ ૨૫,મી માર્ચના રોજ પ્રકાશિત ઇકોનૉમિક્સ ટાઇમ્સના અહેવાલ મુજબ અમદાવાદમાં કામચલાઉ ધોરણે વસતાં હોય અને જેમના કોઇ આધાર પુરાવાઓ ગુજરાતના ન હોય એવા ૫૦,૦૦૦ હજારથી વધુ મજુરો લૉકડાઉન સમયે હાડમારી વેઠીને ઘરે પાછા ફર્યા.રાજસ્થાનના જ બાંસવાડા જિલ્લામાં ૧૧૪૯ સભાસદોની વસતિ ધરાવતાં બરોલિયા ગામમાં ૯૯.૫૬% મીના સમુદાયના લોકો વસે છે.આ જાતિના ૭૦% કુંટુબના સભ્યો અર્થોપાર્જન માટે સ્થળાંતર કરે છે. તેમનામાં કેટલાંક પોતાના વતન માલ સામાન લઇ જતી ટ્રક પર ચઢીને ગયા તો કેટલાંક વાડી, ખેતરો ઝાડી ઝાંખરાને ફેદતાં પોતાના વતનમાં પહોંચ્યા.બીજી એક બીના જે કાળજીને કંપાવનારી છે જેમાં આદિવાસી શ્રમિકો મહારાષ્ટ્રના ઔરંગાબાદ થઇ મધ્યપ્રદેશમાં રેલ્વે લાઇનના સહારે ચાલતાં પોતાના વતન તરફ પાછા ફરી રહ્યા હતાં.રસ્તામાં થાકી જતાં રેલ્વે લાઇન પર જ સુતા હતાં. ચાલીને થાકી ગયેલા આ શ્રમિકો ભરઊંઘમાં હતાં અને તેમના પર માલવાહક ટ્રેન ફરી વળી અને ૧૬ શ્રમિકોને મોતના ઘાટ ઉતર્યા હતાં.આ તો એક ઉદાહરણ છે.આખા ભારતમાં લૉકડાઉનના સમયગાળામાં લગભગ ૩૦૦ શ્રમિકોના મોત ભૂખમરાથી ,વધુ પડતી તાણથી ,સમયસર દવા ન મળવાથી અને પોલીસકર્મીઓના મારથી થયાં છે. દક્ષિણ ગુજરાતના શેરડીના ખેતરો કે ખાંડ બનાવવાના કારખાનામાં પરપ્રાંતમાંથી આવીને કામ કરે છે.તેઓ ખુલ્લા ખેતરોમાં તંબુ બનાવી કે નાનકડા ભોંગા બનાવીને રહે છે.આવા શ્રમિકો પૈકી કેટલાંક પહેલાં લૉકડાઉનમાં વતનમાં જતાં રહ્યા અનેકેટલાંકને પડતર કામના કારણે રોક્યા.માલિકોએ પોતાના સ્વાર્થને રોક્યાં પરંતિ કાપણીનું કામ પૂર્ણ થતાં તેઓને છુટાં કર્યા. તેઓ પાસે નાણાં હતાં પરંતુ બધુ જ બંધ સીધું સામાન લાવીને ખાવું કઇ રીતે? બજારો તો બંધ હતાં.હંગામી ઘર સામાન ક્યાંથી? બીજી બાજુ આદિવાસીઓ માટે હોળીએ મુખ્ય તહેવાર છે.એ કરવા માટે કેટલાંક શ્રમિકો ઘરે ગયા હતાં હોળી લૉકડાઉનમાં ઘરે રહીને નાની જમીનો આ શ્રમિકોએ જે વાવેતર કર્યું અને જે પાક થયો તેઓએ તેનું વેચાણ બજારમાં નહી પરંતુ દલાલો દ્વારા કર્યું આ દલાલોએ બજાર બંધ છે હમણાં બજારો નહી ખુલે એવા બાહના કહીને પાકના ઓછા નાણાં આપ્યાં.આ નાણાં એટલાં ઓછા આપ્યાં કે તેમનો ખર્ચ પણ ન નીકળી શક્યો.

લૉકડાઉને વ્યક્તિના તેમજ સમુદાયિક કે રાષ્ટ્રની અર્થવ્યવસ્થાને હચમચાવી મુકી છે.નાના ખેડુતો,વેપારીઓ ઑનલાઇન ખરીદ વેચાણ વ્યવસ્થા વધવાથી આર્થિક ભીંસમાં આવ્યો છે.તો અંતરિયાળ ગ્રામ્યકક્ષાએ રહેતાં આદિવાસી હસ્ત કલાકારોની વસ્તુઓ તો કોણ ખરીદે કારણ એ કૌશલ્યથી તો તે હજુ ઘણો દુર છે.તે વધું વિમાસણમાં મુકાયો.સંયુક્ત રાષ્ટ્રે એક ચેતવણી આપી છે કે કૉરોના મહામારીથી વિશ્વભરમાં ૨.૫ લોકોની રોજગારી છીનવાઇ જશે. લૉકડાઉનના પ્રત્યાઘાતો દેશની આર્થિક ખાધ ઉપર થશે,વૈશ્વિક અર્થવ્યવસ્થામાં આ ખાધ

૩.૬ લાખનો ઝટકો પહોંચાડશે. સંયુક્ત રાષ્ટ્રની કૉન્ફરન્સ ઑન ટ્રેડ એન્ડ ડેવલોપમેન્ટ અનુસાર કૉરોના વાયરસના ફેલાતો અટકાવવાના વિકલ્પોમાં થયેલ લૉકડાઉને વિશ્વના ૧૫ દેશોની અર્થવ્યવસ્થાને જે જે અસરો થઇ છે એમાં ભારત પણ એક દેશ છે. ગુજરાતમાં ૧૯૯૭ થી કાર્યરત આનંદી સંસ્થાના ઍક્ઝીક્યુટીવ ડિરેક્ટર શ્રી.સેજલબહેન દંડે લૉકડાઉન અને આદિવાસી શ્રમિકો અંગે સોશ્યલ મીડીયામાં આપેલ મતમાં જણાવ્યું હતું કે અન્નએ કોઇપણ નાગરિકનો પાયાનો અધિકાર છે.આ લૉકડાઉને શ્રમિકોને જે હાડમારી વેઠવી પડી તેનાથી તેના અન્ન અધિકારને ધક્કો લાગ્યો છે.રોજનું કમાઇને ખાતા આદિવાસી શ્રમિકવર્ગની આજીવિકા છીનવાઇ જતાં તેની અસર પડી છે.આ અસર લાંબાગાળા સુધી ચાલશે અને આ સ્થિતિમાં જો દરમિયાનગીરી કરવામાં ન આવે તો આદિવાસીઓમાં કુપોષણનો દર ખૂબ વધશે, પહેલાથી જ આદિવાસીઓમાં તો કુપોષણ જોવા મળતું હતું.આથી આનો ઉકેલ લાવવામાં ઘણો સમય નીકળી જશે. લૉકડાઉનની જનસમુદાયે વેઠેલી પ્રત્યક્ષ અને પરોક્ષ અસરો અંગે પ્રકાશ ફેંકતાં આનંદી સંસ્થાના જ શ્રી.નીતાબહેન હાર્ડીકર જણાવે છે કે લૉકડાઉનના થતાં શ્રમિકો શહેરમાંથી પોતાના માદરે વતન તરફ પાછાં તો ફર્યા અને પોતાની પાસે આછુંપાતળું હતું તેમાંથી જીવનનો ગુજારો જયાં સુધી કર્યો.પરંતુ નાણાંની ભીડ ઓછી કરવા સરકાર દ્વારા અનલૉકનો આદેશ આપતાં તેઓ શહેર તરફ ભાગ્યા પરંતુ અહી તેમને કામના કે મહેનતના પ્રમાણમાં પુરતુ વળતર ન મળ્યુ હોય એવા દાખલાંઓ સામે આવ્યાં. કૉરાના બાદ બાંધકામ સાઇટ ઉપર શ્રમિકોને આખા દિવસની મજૂરી રૂ.૨૫૦/-ચુકવતાં હોય એવાં બનાવો સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો પાસે આવ્યા છે.

લૉકડાઉનના અસરને કારણે આદિવાસી કુંટુબોમાં આર્થિક ભીંસ વધી છે.તેનાથી બાળમજૂરીનું પ્રમાણ પણ વધવા પામ્યું હોય તેવા વાસ્તવિક ઉદાહરણ ટાંકતાં આજીવિકા બ્યુરો નામની સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ જણાવ્યું છે કે આદિવાસી કુટુંબોમાં પહેલાં પુરૂષો જ સ્થળાંતર કરતાં હતાં.પરંતુ લૉકડાઉન બાદ શાળાઓ ન ખુલતાં બાળકો પણ પોતાના માતાપિતા સાથે આવતાં થયાં છે.આર્થિક ભીંસને ઓછી કરવા માતાપિતા પણ પોતાના બાળકને લાયક મળતાં કામોમાં લગાવે છે.ઉદાહરણ ર્હાની લારી પર,દુકાનોમાં વસ્તુઓની આપલે જેવા કામો.આ ક્ષેત્રોમાં કામ કરતાં બાળકો આપણને જોવા મળે છે.

સમગ્ર ભારતના મજૂર કમિશનના કમિશ્નરની યાદી મુજબ લૉકડાઉનમાં છવ્વીસ લાખ શ્રમિકો અસહાયની સ્થિતિમાં મુકાયાંહતાં.જેમા ૧૦% શ્રમિકોને રાહત છાવણી કે આશ્રયસ્થાનોમાં આશ્રય મળ્યો હતો.કામના સ્થળોએ ફસાયા હોય એવા ૪૩% અને ૪૬% એ જુદી જુદી જગ્યાએ એટલે કે ખુલ્લા ખેતરોમાં કે રસ્તા ઉપર આશ્રય લીધો હતો.અહીં તેમને ખાવાનું પણ મળ્યુ પરંતુ પોતાની રોજીંદી ટેવવાળું ભોજન મળતું ન્હોતું આથી જમવાનું વ્યક્તિના પેટમાં જવાને બદલે બગાડ થયો.

<u>લૉકડાઉન અને સરકારઃ</u>

લૉકડાઉનની અસરને હળવી કરવાં ભારતના આપણાં નાણામંત્રી શ્રીમતી નિર્મળા સીથારામને જણાવ્યું હતું કે અંદાજીત રીતે ૮ કરોડ સ્થળાંતરિત શ્રમિકોને " આત્મનિર્ભર પેકેજ " દ્વારા વધુ અન્નસામગ્રી આપવી.આ સરાહનીય બાબત છે.આ જ રીતે ગુજરાત સરકાર દ્વારા પણ શ્રમિકોની વ્હારે પહોંચી હતી.લૉકડાઉનની અસરમાંથી શ્રમિકોની આપત્તિજનક સ્થિતિને

થાળે પાડવા ૧૪ કરોડનું " ગુજરાત આત્મનિર્ભર" પેકેજ જાહેર કર્યું હતું.શ્રમિકોનું આંશિક કે પૂર્ણકાલીનસ્થળાંતર અટકાવવા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ સ્વરોજગાર યોજના થકી પણ સ્થળાંતરિત શ્રમિકોને વધુ રોજગારી આપી તેમને સ્થળાંતર અટકાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહી છે. ભારત સરકારની મીનીમમ સપૉર્ટ પ્રાઇઝ સ્કીમ ફોર માઇનોર ફોરેસ્ટ પ્રોડયુઝ યોજના હેઠળ જંગલમાં થતી વિવિધ ગૌણ વનપેદાશો એકઠી કરી જીવનનિર્વાહ કરતી આદિવાસી શ્રમિક પ્રજાને આર્થિક સ્વાવલંબી થવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે.આદિવાસી આર્થિક રીતે સશક્ત બને એ માટે પ્રયત્ન થયો છે. સરકારશ્રી દ્વારા લૉકડાઉન બાદ ગરીબ કલ્યાણ યોજના હેઠળ ૧.૭૦ લાખ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર થયું. લૉકડાઉનની અસરનો ભોગ શ્રમિકો વધુ ન બને એ માટે તેમને વતનમાં જ પાકું ઘર બનાવી આપવા માટે લાભાર્થી દીઠ રૂ.૩૫૦૦૦/-સબસીડી આપવાની જાહેરાત કરી. આ પ્રકારના આવાસીય યોજના માટે સરકારશ્રી દ્વારા કુલ ૩૫૦/-કરોડની ફાળવણી કરવામાં આવી. સરકારશ્રી દ્વારા વિવિધ જાતિના શ્રમિકો પોતાના ઘર આંગણે સન્માનપૂર્વક આજીવિકા પ્રાપ્ત કરી માનવગરિમાની અસ્મિતા સાથે જીવનનિર્વાહ કરી શકે એ માટે અનેક યોજનાઓની અમલવારી કરી છે અને અસરગ્રસ્તોને સહાયક થવાના પ્રયાસો કર્યા છે. સરકારશ્રી દ્વારા જે નાણાંકીય સહાય આપવાની વાત થઇ એમાં આ શ્રમિકો રેશનકાર્ડ ધારકો હોવા જોઇએ.ગુજરાતમાં કે અન્ય રાજયોમાં આદિવાસી કુટુબો પાસે રેશનકાર્ડ ન હોય તો આવા શ્રમિકો સરકારી લાભોથી વંચિત રહેવા પામ્યા છે.કેટલાંક કિસ્સાઓમાં ઘરની કુલ વ્યક્તિદીઠ નાણાં ન મળ્યા હોય આથી પણ તેઓની આર્થિક સ્થિતિ વધુ દયનીય બની છે.અનલૉકની સ્થિતિમાં આ શ્રમિકો ફરી કામના સ્થળે ફરી પાછા તો ફર્યા પરંતુ અંહી તેમને કામના પ્રમાણમાં વળતર કે મહામારીથી બચવા માટેના સુરક્ષાત્મક પગલાં લેવામાં આવતાં નથી. "Migrant Workers Discourse" ની પરિભાષાવાળા આ શ્રમિકોની સ્થિતિ વધુ ઘાતક નહી પરંતુ સંવાદિત બને એ જોવાની કામગીરી કલ્યાણ રાજયના હકુમતની જ છે.

હાલમાં સરકારશ્રીના આરોગ્ય ખાતા દ્વારા વૈશ્વિક મહામારીને માત આપવા માટેના શરીર વૈજ્ઞાનિકો સંશોધકો વતી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.ખાનગી ફાર્માસ્યુટિકલ કંપનો પણ તે માટે પોતાના સિંહફાળો આપી રહી છે .પરદેશમાં તૈયાર થયેલ રસીઓના નિર્માતાઓએ પણ કૉવિડ માટેની રસીઓને ભારતમાં અમલીકૃત બનાવવાં માટે ભારતીય ઔષધિ મહાનિયંત્રક(D.C.G.I.) મંજૂરી મળવી અને તે મુજબ તે રસીઓ આપવાનું કામ શરૂ થયું પણ આ રસીઓ હજી સુધી કોઇ ગ્રામીણ સમુદાયમાં મુકવામાં આવી હોય એવા સમાચારો પ્રાપ્ત થયાં નથી આ તો છે અંતરિયાળ વિસ્તારમાં રહેતાં અથવા ત્યાંથી પોતાની ઓળખ છોડીને આવતાં આદિવાસી શ્રમિકોનો અવાજ કયાં પહોંચે!!

**<u>લૉકડાઉન અને સ્વૈચ્છિક સંસ્થા</u>**

લૉકડાઉનથી લઇ અનલૉક સુધીના સમયગાળામાં ભારતના અન્ય રાજ્યોની સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થા,સંગઠનોએ આદિવાસી શ્રમિકોને સહાયક કે સરકારશ્રીના રાહતકાર્યોમાં સહાયકની ભૂમિકા અદા કરી છે.આ કામગીરીમાં વિવિધ ધાર્મિક સંસ્થાનોએ પણ મહત્વની ભૂમિકા અદા કરી છે.આ સંસ્થાઓ દ્વારા શ્રમિક વટેમાર્ગુઓને તૈયાર ભોજન, અનાજ, કરીયાણું, તેલ, કપડાં, ચંપલ, દવાઓ, સેનેટરી પેડઝ વગેરે આપવામાં આવ્યું. આ

સામગ્રી તેમના આશ્રયસ્થાનો,પડાવ કે રસ્તા પર જ્યાંથી ચાલીને જતાં હોય ત્યાં જ તેમની સ્વમાન જળવાઇ તે રીતે આપ્યું છે. ભારતભરની અનેક સંસ્થાઓએ આવા કામ કર્યા. આ સૌના નામ તો અહીં લઇ શકાય એમ નથી.જેમાં પશ્ચિમ બંગાળના સુંદરબન જિલ્લાની સાઉલ નામની સંસ્થાએ શ્રમિકોને ખોરાક અને સેનેટરી પેડઝ પુરા પાડયા.આ ઉપરાંત તેમણે " **Lunch Box for Hungers**"પ્રોગ્રામ હેઠળ શ્રમિકોને તેયાર ભોજન પુરૂં પાડયું.તમિલનાડુના ચેન્નાઇ શહેરમાં કામ કરતી સુમન્નસા ફાઉન્ડેશન તેમજ મહારાષ્ટ્રના મુંબઇ સ્થિત **"YUVA"** (Youth for Unity and Voluntary Action) વગેરે સંસ્થાઓએ બે હજારથી વધારે કુટુંબોને અન્ન, કપડાં તેમજ અન્ય જરૂરી ચીજવસ્તુઓ પુરી પાડી. ગુજરાતમાં પણ આજીવિકા બ્યુરો, આનંદી, એ.કે.આર.એસ.પી., આદિવાસી અધિકાર મંચ, ઍકશન ઍઇડ, લોકમંગલમ, લોક સહયોગ જેવી અનેક સામાજિક ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ તેમજ બી.એ.પી.એસ.,ખ્રિસ્તી મિશનરીઝ,જેવી ધાર્મિક સંસ્થાનોએ તેમજ કેયલાંય વ્યકિતગત સેવાભાવી વ્યકિતઓ પણ આ શ્રમિકોને વ્હારે આવ્યા હતાં. આમ લૉકડાઉનના સમયમાં ધાર્મિક અને સામાજિક સદભાવનાવાળા વ્યકિતઓ અને સંસ્થાઓએ શ્રમિકોને તત્કાલીન મદદ પુરી પાડી હતી

ઉપસંહારઃ

કૉવિડ-19 નૉવેલ કૉરાના વાયરસે વૈશ્વિક રીતે મહામારીના સ્વરૂપે કબ્જો જમાવ્યો. સમગ્ર વિશ્વના માનવ સમુદાયમાં જેમની રોગ પ્રતિકારક શકિત ઓછી છે તેના સ્વાસ્થય ઉપર અસર કરી.આ રોગના કારણે દેશવિદેશમાં મૃત્યુ થયાં.આ મહામારીને કારણે વ્યકિત, સમાજ કે સમુદાયના આર્થિક, સામાજિક, શૈક્ષણિક વિકાસ અને મનોવૈજ્ઞાનિક પાસાંઓના અસ્તિત્વ પર ઘણાં ઘેરાં ટૂંકા અને લાંબાગાળાના પ્રત્યાઘાતો પાડયા છે. નૉવેલ કૉરેના વાયરસની શરૂઆત જાન્યુઆરીમાં થઇ પરંતુ આ રોગના શારીરિક સંપર્કનો અગત્યનો હોવાથી તેનો  ફેલાવો થતાં અટકાવવાં લૉકડાઉન જહેર કરવામાં આવ્યું.આ લૉકડાઉનથી આર્થિક રીતે સુખી સંપન્ન પરિવારો માટે લૉકડાઉન તાત્કાલિક રીતે એટલું અસર કરનારૂં ન બન્યું પરંતુ શ્રમિકો માટે તે યાતના સમાન બન્યું.સ્થળાંતરિત શ્રમિકો અને તેમાં પણ આદિવાસી શ્રમિકો માટે આ લૉકડાઉન ભયાનક બન્યું. આ શ્રમિકોએ અનેક વેદના સહી અહીં તેની મદદ સરકાર અને સંસ્થાને શ્રી.સોનુ સૂદ જેવી વ્યકિતઓ પણ આગળ આવી. જાણીતા અર્થશાસ્ત્રી રમન લક્ષ્મીનારાયણે ન્યૂયોર્ક ટાઇમ્સમાં આપેલ પોતાના લેખમાં જણાવ્યું છે કે ," ભારત માટે લૉકડાઉનએ સારી બાબત છે. ભારતમાં જો સરકારે લૉકડાઉન ન આપ્યું હોત તો દેશમાં કૉરાના વાયરસથી પચાસ કરોડથી વધારે લોકો સંક્રમિત થાત. ભારતની વસતિ ગીચતાને ધ્યાનમાં રાખીએ તો આ ચિત્ર વધુ બિહામણું કે ડરામણું બની શક્યું હોત. પરંતુ લૉકડાઉનના કારણે આપણે તેને ઘટાડી શક્યા છે". લક્ષ્મીનારાયણજીનો આ તર્ક આમ સાચો છે. પરંતુ ભારતભરમાં વસવાટ કરતાં શ્રમજીવી વર્ગનું શું ? તેમાંય આદિવાસી શ્રમિક વર્ગ કે જે જાણ્યેઅજાણ્યે પુ.મહાત્મા ગાંધીએ જણાવેલ અપરિગ્રહ અને અસંગ્રહના પરમતત્વને તેના જીવનશૈલીમાં વણીને પોતાનું જીવન જીવે છે એની શી સ્થિતિ થઇ હશે તેને કલ્પના દુઃખ આપનારી છે.આથી જ પ્રસ્તુત લેખમાં કૉરાનાને લઇને સ્થળાંતરિત આદિવાસી શ્રમિકોએ આ સમયગાળામાં અનુભવેલ સારીનરસી બાબતો તેમજ સરકારશ્રીની કામગીરીને વિસ્તૃત વૃતાંત સ્વરૂપે આલેખવાનો પ્રયાસ કરેલ છે.

સંદર્ભ સૂચિઃ
૧.આદિલોક સામાયિક- સપ્ટેમ્બર-ઑક્ટોબર-૨૦૨૦, -મે-જુન૨૦૨૦
૨.WWW.Worldometers.info>Country-mohfw.gov.in
**3.Ministry of health and Family welfare Wikipedia-en. m Wikipedia.org.**
૪. આદિવાસી એકતા મંચના ઑનલાઇન અહેવાલો અને વ્યક્તિગત મુલાકાતો
૫. WWW.aajtak.in daily News bulletin
૬.WWW.Who.int, en.m.wikipedia.org>wiki--World health Organization
૭."આનંદી" અને "આજીવિકા બ્યુરો" સંસ્થાના પ્રતિનિધિઓના ઑનલાઇન ઇન્ટરવ્યુઝ
૮.જાની ગૌરાંગ, કૉરોના બિંબ-પ્રતિબિંબ વાત લૉકડાઉનની, સંપાદક-રૂપેરા કેતન
૯. યુવાલ નોઆ હરારી , કોરોના કે કઠહરે મેં, ગાંધી માર્ગ (હિન્દી),ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન, દિલ્હી, મેં-જુન-૨૦૨૧.